1. ઈન્ફર્મેશન ટેક્નોલૉજીનો અર્થ શું છે?

➢ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી (આઈ.ટી.) એટલે માહિતીનાં સંયોજન, પ્રોસેસિંગ, માહિતીનો મોટા પાયે સંગ્રહ અને પ્રસારણમાં સહાયભૂત સાધનો, ઊંચી સેવાઓની પ્રવૃત્તિનું સ્થાનિકતંત્ર તેની જાળીમાં છુપાયેલું છે. તે ઘણા પ્રકારની તકનિકીનું સંયુક્ત સ્વરૂપ છે. તેમાં સૂક્ષ્મ ઇલેક્ટ્રોનિક્સ, કયૂટરનાં હાર્ડવેર અને સૉફ્ટવેર, સંદેશાવ્યવહાર, પ્રસારણ અને ઑપ્ટિક ઇલેક્ટ્રોનિક્સ વગેરેનો સમાવેશ થાય છે.

2. "સેવાક્ષેત્રોમાં રોજગારીની તકોમાં સતત વૃદ્ધિ થઈ રહી છે." કારણ આપો,

➢ સ્વાચ્ય, કલ્યાણ, શિક્ષણ, ફુરસદ, મનોરંજન અને વાણિજ્ય પ્રવૃત્તિઓ સાથે સેવા જોડાયેલી છે. વાણિજ્ય સેવાઓ કંપનીઓની ઉત્પાદકતામાં વધારો કરે છે. આજના સમયમાં જ્યાં વિકસિત અર્થવ્યવસ્થા છે ત્યાં સેવા પર આધારિત પ્રવૃત્તિઓ કરનારાઓની વધુ માંગ છે, સેવાકીય ક્ષેત્રોનું કૌશલ્ય, અનુભવ અને જ્ઞાન ધરાવતા કર્મચારીઓની માંગ વૈશ્વિક બજારમાં વધી રહી છે, તેથી સેવાક્ષેત્રોમાં રોજગારીની તકોમાં સતત વૃદ્ધિ થઈ રહી છે.

3. પંચમ પ્રવૃત્તિ એટલે શું?

➢ વર્તમાન સાથે જોડાયેલા વિચારો કે વિચારધારા આપવી, તેમનું પુનઃગઠન અને વ્યાખ્યા કરવી, આંકડાઓની વ્યાખ્યા કરવી, નવા પ્રયોગો, નવીનતમ પ્રૌદ્યોગિકી, અતિ આધુનિક સંશોધન કાર્યો વગેરે પંચમ પ્રવૃત્તિઓ છે. આ વિશેષ પ્રકારની ઉચ્ચ સ્તરીય સેવાઓ છે. નિષ્ણાતો (Experts), નિર્ણય નિધરિકો, અધતન ટેકનોલોજીના સલાહકારો અને સુજ્ઞ નિર્ણય નિર્ધારકો વગેરે પંચમ પ્રવૃત્તિ સાથે જોડાયેલા ગણાવી શકાય.

4. "ઇન્ટરનેટના કારણે વિશ્વમાં અનેક નવાં પરિવર્તનો થઈ રહ્યાં છે." કારણ આપો.

➢ માહિતી અંકાત્મક થઈ જતાં સંદેશાવ્યવહારમાં ઇન્ટરનેટ ઉપયોગી સાબિત થયું છે. ઇન્ટરનેટના કારણે અધિકારીઓ પોતાના નોકરીના સ્થળેથી દૂર રહીને અથવા પોતાના ઘરમાં બેસીને પોતાના કાર્યાલયનાં કાર્યો કરી શકે છે. બેક્રો, જીવનવીમા કંપનીઓ, શેરબજારો તેમજ સંરક્ષણ સાથે જોડાયેલી કંપનીઓ ઇન્ટરનેટના કારણે સમગ્ર વિશ્વમાં પોતાની સેવાઓ ખૂબ સરળતાથી આપી શકે છે. બૅક્રો પોતાની મૂડી કોઈ પણ દેશમાં થોડા જ સમયમાં સ્થળાંતર કરાવી શકે છે.

➢ પાસપોર્ટ, સરકારી વેરાઓની નોંધ, ટેલિફોન, ગુનાઓના પ્રમાણની આંકડાકીય બાબતો તેમજ ચિકિત્સાના રિપોર્ટમાં ઇન્ટરનેટનો ઉપયોગ થવાથી માહિતીનું પ્રસારણ ઝડપી બની ગયું છે. ઇન્ટરનેટે સમગ્ર જગતને એક નાનકડું ગામ બનાવી દીધું છે. તેથી ઇન્ટરનેટના કારણે વિશ્વમાં અનેક નવાં પરિવર્તનો થઈ રહ્યાં

5. તૃતીયક પ્રવૃત્તિ ઉદાહરણ આપી સમજાવો. (March 18, 19)

➢ માનવીને આપી શકાય તેવી સેવાઓને 'તૃતીયક પ્રવૃત્તિ' કહે છે. સ્વાચ્ય, કલ્યાણ , શિક્ષણ, મનોરંજન, વ્યાપાર, પરિવહન વગેરે તૃતીયક પ્રવૃત્તિઓ છે. આ પ્રકારની સેવાઓમાં કોઈ ચીજવસ્તુનું ઉત્પાદન થતું નથી. તેને તો પગાર, વેતન કે મજૂરીના અપ્રત્યક્ષ રૂપમાં જ માપી શકાય છે.

6. ચતુર્થક પ્રવૃત્તિઓનો અર્થ આપો.

- ચતુર્થક પ્રવૃત્તિઓમાં માનવીની વિશિષ્ટ પ્રકારની સેવાઓનો સમાવેશ થાય છે. 'ચતુર્થક' શબ્દનું તાત્પર્ય એ છે કે તેનો સંબંધ ઉચ્ચ બૌદ્ધિક વ્યવસાયોથી છે, જેનું કાર્ય ચિંતન, સંશોધન અને વિકાસ માટે નવા વિચારો આપવાનું છે,

7. સિલિકોન વેલી કોને કહે છે ? તે ક્યાં શહેરોમાં વિકસી છે? (March 18)

- ઇન્ફર્મેશન ટેકનોલોજી (માહિતી તકનિકી) સંદર્ભે ઘણા વિકસિત ઉદ્યોગગૃહોનું એક સંકુલ એટલે સિલિકોન વેલી, યુ.એસ.એ.ના બોસ્ટન (મસયૂસિટ્સ) અને કેલિફોર્નિયામાં સિલિકોન વેલી ઔદ્યોગિક સંકુલોને વિજ્ઞાન અને ટેકનોલોજી પાર્ક' તરીકે ઓળખાય છે,

8. મનોરંજન સેવાઓ સમજાવો.

- ફિલ્મો, દૂરદર્શન, રેડિયો, નાટક, ભવાઈ, સાહિત્ય, સંગીત વગેરે લોકોને મનોરંજન સેવાઓ પૂરી પાડે છે. આ સેવાઓ માનસિક તણાવ દૂર કરી વ્યક્તિને કાર્ય કરવા સક્ષમ બનાવે છે. તેનાથી આનંદની પ્રાપ્તિ થાય છે. રેડિયો, દૂરદર્શન, વર્તમાનપત્રો ઉત્તમ કોટિનું મનોરંજન આપે છે, વર્તમાનમાં પ્રવાસ, પર્યટન, દૂરદર્શન અને ઇન્ટરનેટ મનોરંજનનાં મુખ્ય માધ્યમો ગણાય છે.